| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૧૨/૦૪/૨૦૧૬ |
| રજુ કર્યા તા. | ૧૨/૦૪/૧૬ |
| ફૈંસલ કર્યા તા. | ૩૦/૦૩/૨૦૧૮ |
| સમય મર્યાદા | વર્ષ – માસ– દિવસ |
| | |

વિરમગામના મહે. પ્રિન્સિપલ સિનિયર સીવીલ જજ શ્રીની કોર્ટ મધ્યે, વિરમગામ.

**સ્પે.દિવાની કેસ નં.–૧/૨૦૧૬**

૧. નીતાબેન રામાભાઈ ડોડીયા
૨. લતાબેન રામાભાઈ ડોડીયા
બંન્ને ઉ.વ.આ.–પુખ્ત ધંધો–ખેતી ધર્મે–હિન્દુ,
રહે. બંન્ને મુ. હાંસલપુર (શે.) તા. વિરમગામ
જી. અમદાવાદ. :::::: **વાદી**

**<u>વિરુધ્ધ</u>**

૧. કેન્દ્રીય વિધાલય વિરમગામના પ્રિન્સિપાલશ્રી,
ઉ.વ.આ.–પુખ્ત ધંધો–નોકરી
રહે. આઈ.ઓ.સી. કોલોની, મુ.તા. વિરમગામ
જી. અમદાવાદ.
૨. નાયબ કલેકટરશ્રી (વિરમગામ પ્રાત સાહેબ)
ઉ.વ.–પુખ્ત ધંધો–નોકરી
રહે. તાલુકા સેવા સદન, મુ.તા. વિરમગામ, જી. અમદાવાદ
૩. જીલ્લા કલેકટરશ્રી,
ઉ.વ.–પુખ્ત ધંધો–નોકરી

રહે. જીલ્લા સેવા સદન, સુભાષ બ્રિજ,
અમદાવાદ. :::::: **પ્રતિવાદીઓ**

| |
|---|
| <u>વિષય</u> :– દાવો રુા.૬૦૦/– નાં આંકથી ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગેનો. |

| | |
|---|---|
| વાદી તરફે | : વિધ્વાન વકીલશ્રી આર.એ. ચાવડા, |
| પ્રતિવાદીઓ તરફે : | પ્રતિવાદી નં.–૧ તરફે કોઈ નહીં. |
| | પ્રતિવાદી નં.–૨,૩ તરફે સરકારી વિ.વ.શ્રી એચ.આર. સોલંકી, |

**–// ઠ રા વ //–**

(૧) વાદીના સમગ્ર દાવાની હકીકત સંક્ષિપ્તમાં નીચેમુજબ છે.

(૧.૧) ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ તાલુકો વિરમગામના મોજે હાંસલપુર(શે.) ની સીમમાં આવેલ સર્વેનં.–૯૮૬ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૮૦–૦૯ છે જેનો આકાર રુા.૬.૧૯ છે. જે જુની શરતની ખેતીની જમીન વાદીઓના સહહિસ્સેદારે આવેલ છે. મજકુર ખેતરમાં આવવા–જવા અંગેનો કાયદેસરનો રસ્તો જેનો ઉપભોગ ટ્રેકટર, ખેતી વિષયક કસાધન સામગ્રી ખેતરમાં વિરમગામ–અમદાવદ હાઈવે હાંસલપુર(શે.) ચોકડીથી અમદાવાદ તરફ જમણી બાજુએ થઈ કરકથલ ગામના ગાડા માર્ગ વાળો જોર રસ્તો કે જે રસ્તો બ્લોક/સર્વેનં..–૯૨૩ પૈકીની પૂર્વ દિશાએ તથા બ્લોક સર્વેનં.–૮૨૩ પૈકી તથા બ્લોક–સર્વેનંબર–૮૨૨ પૈકીની પશ્ચિમ દિશાની વચ્ચેથી પસાર થતો કરકથલ ગાડામાર્ગ વાળા જાહેર રસ્તામાં થઈ વાદી તેમજ આજુ–બાજુના તમામ ખાતેદાર ખેડુત અરજીમાં રજુ રાખેલ નકશા વાળા રસ્તેથી ઉપભોગ અને ખેતી સાધન સરંજામ લઈ મજુકર રસ્તાનો ઉપયોગ ઘણા આદો–અબાદથી કરતા રહેલ છે.

(૧.૨) બ્લોક /સર્વેનંબર–૯૨૩ પૈકી તથા બ્લોક/સર્વેનંબર–૮૨૩ પૈકી તથા બ્લોક/સર્વેનંબર ૮૨૨ પૈકી વાળી જમીનમાં પ્રતિવાદીનં.–૧ સંસ્થાને જે જમીન કેન્દ્રીય વિધાલયને ફાળવતા પ્રતિવાદીનં.–૧ નાં જે વાદી તથા અન્ય ખેડુત ખાતેદારના આવવા જવાના કાયદેસર રાહદારી જાહેર માર્ગ કે જે અંદાજે ૩૫ ફુટનો આવેલ હોઈ અને પ્રતિવાદીનં.–૧ તેનાથી સારી રીતે વાકેફ હોઈ છતાં રસ્તામાં અવરોધ થાય તે રીતે માટી પુરાણ કરવાની પેરવી કરતા વાદીના કાયદેસરના ઈઝમેન્ટ રાઈટને અવરોધ થાય તે રીતે કૃત્ય કરતા આ અંગે નાયબ કલેકટરશ્રી વિરમગામ પ્રાંત સાહેબ તેમજ જીલ્લા કલેકટરશ્રી અમદાવાદને તા. ૨/૧૦/૧૫ તેમજ તા.૩/૧૧/૧૫ નાંરોજ લેખીતમાં જાણ કરેલ તેમજ પ્રતિવાદી નં.–૨ ને તા.૩/૧૨/૧૫ નાંરોજ ફરીથી જાણ કરેલ તેમજ કેન્દ્રીય વિધાલયના આચાર્યશ્રીને પણ તા.૮/૧૨/૧૫ નાંરોજ જાણ કરેલ અને વારંવાર ધકકા ખાવા છતા અને જાણ કરવા છતા અવરોધરુપ કામગીરી ચાલુ રાખતા હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થાયેલ છે.

(૧.૩) ઉપરોકત વાદગ્રસ્ત મિલ્કતના અનુસંધાનમાં વાદીની રજુઆત છે કે, જો પ્રતિવાદી મુળભુત રસ્તાનું અસ્તિત્વ રહેવા ન દે તો વાદીની ખેતીની જમીનની ગુડવીલ તેમજ રસ્તા બાબતના અનેક વિધ પ્રશ્નોનો સામનો ભવિષ્યમાં પણ ઉપસ્થિત થાય તેમ છે. જેથી હાલનો દાવો લાવી એવી દાદ માંગેલ છે કે,

(અ) મોજે હાંસલપુર(શે.) ની સીમમાં આવેલ સર્વેનં.–૯૮૬ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૮૦–૦૯ છે જેનો આકાર રુા.૬.૧૯ છે. જે જુની શરતની ખેતીની જમીન વાદીઓના સહહિસ્સેદારે આવેલ છે. મજકુર ખેતરમાં આવવા–જવા અંગેનો કાયદેસરનો રસ્તો જેનો ઉપભોગ ટ્રેકટર, ખેતી વિષયક કસાધન સામગ્રી ખેતરમાં વિરમગામ–અમદાવદ હાઈવે હાંસલપુર(શે.) ચોકડીથી અમદાવાદ તરફ જમણી બાજુએ થઈ કરકથલ ગામના ગાડા માર્ગ વાળો જોર રસ્તો કે જે રસ્તો બ્લોક/સર્વેનં..–૯૨૩ પૈકીની પૂર્વ દિશાએ તથા બ્લોક સર્વેનં.–૮૨૩ પૈકી તથા બ્લોક–સર્વેનંબર–૮૨૨ પૈકીની પશ્ચિમ દિશાની વચ્ચેથી પસાર થતો કરકથલ ગાડામાર્ગ વાળા જાહેર રસ્તામાં થઈ વાદી તેમજ

આજુ–બાજુના તમામ ખાતેદાર ખેડુત અરજીમાં રજુ રાખેલ નકશા વાળા રસ્તેથી ઉપભોગ અને ખેતી સાધન સરંજામ લઈ મજુકર રસ્તાનો ઉપયોગ ઘણા આદો–અબાદથી કરતા રહેલ છે. તે ૩૫ ફુટ જેટલા માપણી સીટ તેમજ પોત ખરાબાની વિગત વાળા રસ્તામાં પ્રતિવાદી જાતે કે તેમના એજન્ટ, એસાઈન, નોકરો, મળતીયાઓ મારફત હરકપ, હેલો, અડપણ અટકાયત કરે કરાવે નહીં કે રસ્તામાં કોઈ બાંધકામ, દિવાલ કે રસ્તાને અવરોધ થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહીં તેઓ કાયમી જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદી સામે આપવા.

(બ) જણાવેલ વિગતવાળી ખેતીની જમીન કે જે જમીનમાં આદો–અદાબથી જે ઉપભોગ જવા–આવવાનો તેમજ ખેતી વિષયક સાધનો લઈ જવા લાવવામાં ઉપયોગ ઉપરોકત રસ્તાનો કરી રહેલ હોઈ જે રસ્તો ઉપભોગ કરવા વાદી તેમજ ત્યાં આવેલ અન્ય ખાતેદારો વાળા ખેડુતો ઉપભોગ કરવા હકકદાર છે તેવું ડેકલેરેશન હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા.

(ઈ) મોજે હાંસલપુર(શે.) ગામની સીમના બ્લોક/સર્વેનંબર–૯૮૬ વાળી ખેતીની જમીન સહહીસ્સેદારે આવેલ છે. જે ખેતરમાં આવવા–જવા ખેતી વિષયક સાધનો ટ્રેકટર વિગેરે ખેત ઉપજ–નિપજ લઈ જવા લાવવા વિરમગામ અમદાવાદ હાઈવે તરફની જમણી બાજુએ સર્વેનં.–૯૨૩ ની દક્ષિણ દિશાએ કેન્દ્રીય વિધાલયે રજુ કરેલ અને અમો વાદીને પુરા પાડેલ નકશામાં દર્શાવ્યા મુજબ ૭ મીટર રસ્તામાં અમો વાદી કે તે રસ્તાના ઉપભોગ કરતા ખાતેદા ખેડુતોને પ્રતિવાદી જાતે કે તેમના એજન્ટ, એસાઈન નોકરો કે મળતીયાઓ મારફત હરકત–હેલો, અડચણ–અટકાયત કરે કરાવે નહીં. અને જે ઉપરોકત વિગતના રસ્તાના અમો વાદી કાયદેસર ઉપભોગ અને ઉપયોગ કરવા હકકદાર છીએ. તેવું ડેકલેરેશન હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા દાદ માંગેલ છે.

(૨) પ્રતિવાદીઓને દાવાનો સમન્સ/નોટીસ બજી જતા પ્રતિવાદીનં.–૧ તરફે કોઈ જવાબ રજુ ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

જયારે પ્રતિવાદીનં.–૨ તથા ૩ તરફે આંક–૨૦ થી જવાબ રજુ રાખી દાવા અરજીની હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે, સર્વેનંબર–૯૨૩,૮૨૩ તથા ૮૨૨ વાળી જમીન સરકારી પડતર હેડે ચાલ ે છે જે પૈકીની જમીન કેન્દ્રીય વિધાલયને ફાળવેલ છે અને ૯૯ વર્ષના ભાડા પટે આપેલ છે. વધુમાં કેન્દ્રીય વિધાલયે રજુ કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ સર્વેનં.–૯૨૩ ની દક્ષિણ દિશાએ ૭ મીટરનો રસ્તો છોડેલ છે જે રસ્તાનો ઉપયોગ કેન્દ્રીય વિધાલય તથા ખેડુતોને અવર જવર માટે રાખવામાં આવેલ છે. અને આ સુધારા અંગે સપ્રિન્ટેન્ડશ્રી લેન્ડ રેકડર્સ અમદાવાદને દરખાસ્ત કરવામાં આવશે જેથી રસ્તાનો ઉપયોગ સાર્વજનિક હોઈ અરજદારની માંગણી ગ્રાહય રાખવા પાત્ર નથી તેમ જણાવે છે.

(૩) દાવા અરજી અન્વયે વાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. જેમાં મુખ્યત્વે દાવાઅરજીની હકીકત મુજબ રજુઆત કરી સુધારેલ દાવાઅરજીમાં જણાવેલ માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૩.૧) પ્રતિવાદી નં.–૧ તરફે સરકારી વિ.વ.શ્રી એચ. આર. સોલંકી દવારા નીચેના મુદે રજુઆત કરેલ છે.

- પ્રતિવાદીનં.–૧ તરફે આંક–૨૫ ની પુરસીસ તથા આંક– ૪૮ અને ૪૯ ના પુરાવા ધ્યાને લેવા સરકાર તરફથી રજુઆત રજુઆત છે.
- સરકારી વકીલશ્રીની રજુઆત છે કે, ખેતરમાં જવાના તેના સુવિધાધિકાર કેન્દ્રીય વિધાલયે માન્ય રાખ્યા છે.
- સરકાર તરફે જે તે સમયે પરિસ્થિતિને આધીન રહી વાદીની રજુઆતને યોગ્ય ના હોવાની રજુઆત કરાઈ હતી. હવે પરિસ્થિતિ બદલાઈ છે જેથી તે મુજબ યોગ્ય થવા સરકાર તરફે રજુઆત છે.

(૪) આ કામે વાદી ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવ્યો છે.

**વાદીનો મૌખિક પુરાવોઃ**

| ક્રમ નંબર | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૨૮ | વાદી નીતાબેન રામાભાઈ ડોડીયાની સરતપાસની જુબાની. |

## વાદીનો દસ્તાવેજી પુરાવોઃ

| ક્રમ નંબર | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૩૩ | સર્વેનંબર–૯૮૬ ના ગામનમુના નં.–૭ ની પ્રમાણિત નકલ, |
| ૨ | ૩૪ | સર્વેનંબર–૯૨૩ ના ગામનમુના નં.–૭ ની પ્રમાણિત નકલ. |
| ૩ | ૩૫ | સર્વેનંબર–૮૨૩ ના ગામનમુના નં.–૭ ની પ્રમાણિત નકલ. |
| ૪ | ૩૬ | સર્વેનંબર–૮૨૨ ના ગામનમુના નં.–૭ ની પ્રમાણિત નકલ. |
| ૫ | ૩૭ | વાદીએ તા. ૨/૧૦/૧૫ નાંરોજ પ્રાત સાહેબને લખેલ પત્રની નકલ, |
| ૬ | ૩૮ તથા ૪૦ | તમામ ખેડૂતોએ તા. ૮/૧૨/૧૫ નાંરોજ પ્રાત સાહેબને લખેલ પત્રની નકલ, |
| ૭ | ૪૧ | હીસ્સા ફોર્મનંબર–૪ ગુણાકાર બુક ની પ્રમાણિત નકલ, (સર્વેનંબર–૮૨૨,૮૨૩,૯૨૩) |
| ૮ | ૪૨ | વાદીએ લીધેલ રસ્તાની તકરારના નકશાની નકલ |
| ૯ | ૪૩ | હીસ્સા ફોર્મનંબર–૪ ગુણાકાર બુક ની પ્રમાણિત નકલ(સર્વેનંબર–૯૮૬) |
| ૧૦ | ૪૪ | સર્વેનંબર–૯૮૬ ની હદમાપણીની પ્રમાપિત નકલ, |

જયારે પ્રતિવાદીઓ તરફે પ્રતિવાદીનં.–૧ ના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. પ્રતિવાદીનં.–૨,૩ તરફે જવાબ સિવાય કોઈ પુરાવો આપેલ નથી અને કલોઝીંગ પુરસીસ આપેલ છે. અને સદરકામે પ્રતિવાદી તરફે આંક–૨૫ થી પુરસીસ તથા આંક–૪૮ તથા ૪૯ દસ્તાવેજી પુરાવા તરીકે રજુ રાખેલ છે.

(૫) ઉપરોકત તમામ હકીકતના આધાર પર આ કામે દાવાનાં નિર્ણય માટે આંક–૨૬ થી મુદ્દાઓ કાઢવામાં આવ્યા છે.

**//મુદ્દાઓ//**

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, સર્વે નં.૯૨૩ ની પૂર્વ દિશાએ તથા સર્વે નં.–૮૨૩ અને ૮૨૨ ની પશ્ચિમ દિશાની વચ્ચે થી પસાર થતો કરકથલ ગાડા માર્યનો આ કામના વાદીઓ તથા અન્ય ખેડૂતો ઉપયોગ કરતા આવેલ છે?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે, સર્વેનંબર–૯૨૩,૮૨૨ તથા ૮૨૩ પ્રતિવાદી નં.–૧ ને ફાળવતા તેઓ સદર જમીનની વચ્ચે આવેલ રસ્તો બંધ કરવા પ્રયત્ન કરતા વાદીઓ તરફે પ્રતિવાદી ઓને વારંવાર મૌખિક તથા લેખીત જાણ કરવા છતા તેઓએ વાદીઓને ન્યાય કરેલ નહીં ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે, પક્ષકારો વચ્ચે સમજુતી થતા પ્રતિવાદીઓએ સર્વે નં.–૯૨૩ ની દક્ષિણે ૭ મીટરનો નકશામાં દર્શાવ્યા મુજબનો રસ્તો વૈકલ્પીક રસ્તા તરીકે ફાળવેલ?

૪. શું વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૫. શું હુકમ અને હુકમનામુ ?

(૬) ઉપરોકત મુદાઓ અંગેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારાત્મ,

(૨) હકારાત્મક,

(૩) હકારાત્મક,

(૪) હકારાત્મક,

(૫) આખરી હુકમ મુજબ.

**–//કા ર ણો//–**

(૭) <u>મુદા નં.–૧ થી ૩ દાવાની હકીકતે એકબીજા સાથે સંકળાયેલા છે તેથી ત્રણેય</u>

મુદાની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે.

મુદા નં.– ૧ થી ૩ માં પુરાવાનો બોજો વાદી ઉપર રહેલો છે. વાદીએ નીચે મુજબની ત્રણ હકીકતો સાબીત કરવાની રહે છે.

- પ્રથમ તો વાદીએ એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, સર્વેનંબર–૯૨૩ ની પૂર્વ દિશાએ તથા સર્વેનંબર–૮૨૨ અને ૮૨૩ ની વચ્ચેથી પસાર થતો ગાડા માર્ગનો વાદીઓ તથા અન્ય ખેડૂતો ઉપયોગ કરતા આવેલ છે.
- બીજી એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, સર્વે નંબર–૯૨૩,૮૨૨ તથા ૮૨૩ પ્રતિવાદી નં.–૧ ને ફાળવતા તેઓ સદર જમીનની વચ્ચે આવેલ રસ્તો બંધ કરવા પ્રયત્ન કરતા વાદીઓ તરફે પ્રતિવાદી ઓને વારંવાર મૌખિક તથા લેખીત જાણ કરવા છતાં તેઓએ વાદીઓને ન્યાય કરેલ નહીં.
- ત્રીજી હકીકત એ પુરવાર કરવાની રહે છે કે, પક્ષકારો વચ્ચે સમજુતી થતા પ્રતિવાદીઓએ સર્વે નં.–૯૨૩ ની દક્ષિણે ૭ મીટરનો નકશામાં દર્શાવ્યા મુજબનો રસ્તો વૈકલ્પીક રસ્તા તરીકે ફાળવેલ છે.

(૮) વાદીએ જે સુવિધાધિકાર મેળવવા માટે દાદ માંગેલ છે તે બાબતે તેઓએ નીચેની બાબતો પુરવાર કરવી જરુરી છે.

(એ) આવો હકક ખરેખર ઉપયોગમાં લેવાય છે.
(બી) આવો ઉપયોગ ખુલ્લં ખુલ્લા છે.
(સી) આવો ઉપયોગ શાંતિથી થાય છે.
(ડી) આવો ઉપયોગ એક હક તરીકે થાય છે.
(ઈ) આવો ઉપયોગ એક સુવિધાઅધિકાર તરીકે થાય છે.
(એફ) આવો ઉપયોગ કોઈપણ પ્રકારની રુકાવટ વિના કરાય છે.
(જી) આવો ઉપયોગ વીસ વર્ષથી કરવામાં આવે છે.

વાદીએ મુખ્યત્વે પ્રતિવાદી નં.–૧ અને ૨ ને ફાળવવામાં આવેલ સર્વેનંબર–૯૨૩,૮૨૨,૮૨૩, વાળી જગ્યામાં થઈ તેમના બ્લોક સર્વેનંબર–૯ ૮૬ વાળા ખેતરમાં જવા–આવવાનો તેમના સુવિધાધિકારના રક્ષણ હેતુ દાદ માંગી છે. વાદીએ આંક–૨૮ થી તેમનો પુરાવો આપ્યો છે. જેમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, સર્વેનં.–૯૮૬ વાળી ખેતીની જમીન વાદીઓના સહહીસ્સ ેદારે આવેલી છે. જે ખેતરમાં વર્ષોથી આવવા જવા અંગેનો રસ્તો જેનો ઉપયોગ ટ્રેકટર ખેતી વિષયક સાધન સામગ્રી વિગેરે લઈ જવા થાય છે. તે કરકથલ ગામના ગાડા માર્ગ વાળો જાહેર રસ્તો જે રસ્તો સર્વેનં.–૯૨૩ ની પૂર્વ દિશાએ તથા બ્લોક/સર્વેનંબર–૮૨૩ અને ૮૨૨ ની પશ્ચિમ દિશાની વચ્ચે થઈને પસાર થાય છે જેનો ઉપયોગ આજુબાજુના તમામ ખાતેદાર ખેડૂતો કરે છે. તે રસ્તાની આસપાસ આવેલ સર્વેનંબર–૯૨૩,૮૨૨,૮૨૩ ની જગ્યા કેન્દ્રીય વિધાલયને ફળવાતા સુવિધાધિકાર તરીકે ઉપયોગ કરાતા આ રસ્તામાં પ્રતિવાદી નં.–૧ પુરાણ કરાવી અવરોધ ઉભો કરતા વાદીએ વિરમગામ પ્રાત અધિકારી, કલેકટર તથા કેન્દ્રીય વિધાલયના આચાર્યને વારંવાર લેખીતમાં જાણ કરી આ અધિકારનું રક્ષણ થાય તે માટે વિનંતી કરી હતી. પ્રતિવાદીઓએ તેમ છતાં વાદીઓના આ સુવિધાધિકાર સંદર્ભે દુર્લક્ષ્ય સેવ્યું હતું. વાદીએ રેકર્ડ ઉપર આંક–૩૩ થી ગામનમુના નં.–૭ ની નકલ રજુ કરી છે જેમાં સર્વેનંબર–૯૮૬ વાદીના નામે હોવાની હકીકત દર્શાવાઈ છે. તે સિવાય આંક–૩૪,૩૫ અને આંક–૩૬ થી કેન્દ્રીય વિધાલયને ફાળવવામાં આવેલ જમીનના સર્વેનંર–૮૨૨,૮૨૩ અને ૯૨૩ ના ગામનુના નં.–૭ ની નકલ રજુ કરી છે. જે હકીકતને સમર્થન આપે છે કે, વાદગ્રસ્ત જગ્યા અને વાદી અને પ્રતિવાદી ને સબંધીત જગ્યાઓ પુરાવામાં જણાવ્યા પ્રમાણે અસ્તિત્વ ધરાવે છે. વાદીએ આંક–૩૭ થી તથા આંક–૩૮ થી પ્રાત અધિકારી વિરમગામને તા. ૨/૧૦/૧૫ તથા ૮/૧૨/૧૫ નાંરોજ કરેલ પત્ર વ્યવહારની નકલો રજુ કરી છે. જેમાં વાદીએ તેમના ખેતરમાં આવવા જવાના માર્ગ સુવિધાધિકારના રક્ષણ હેતુ સક્ષમ સત્તાધિકારીઓને યોગ્ય થવા રજુઆત કરી છે તે હકીકતને સાબીતી

મળે છે. વાદીએ આંક–૩૯ થી સર્વેનં.– ૮૨૩,૮૨૨ અને ૯૨૩ માં થઈ જવાના સુવિધાધિકાર અંગે કલેકટરશ્રીને કરેલી લેખીત રજુઆતનો પત્ર રેકર્ડ ઉપર રજુ છે. વાદી દવારા આંક–૪૦ થી જરુરી એવા દસ્તાવેજો સાથે કેન્દ્રીય વિધાલયના આચાર્યશ્રીને તા.૮/૧૨/૧૫ નાંરોજ કરેલી લેખીત રજુઆતની નકલ રજુ છે. વાદી દવારા આંક–૪૨ તથા આંક–૪૪ થી સુવિધાધિકાર તરીકે ઉપયોગમાં લેવાતા ગાડા માર્ગ અને તેની આસપાસના સર્વેનંબરનો નકશાની નકલ રજુ કરવામાં આવી છે. વાદી દવારા મુખ્યમંત્રીને લખેલ પત્રની નકલ માર્ક–૨૯/૧૪ થી રેકર્ડ ઉપર રજુ છે. વાદીએ જે મૌખિક પુરાવો રજુ કર્યો છે તેમાં ઉલટ તપાસમાં પણ ફરીથી એ હકીકત સ્વીકાર્ય રાખી છે કે, સર્વે નંબર–૯૨૩ ની દક્ષિણે ૭ મીટર પહોળો રસ્તો રહેલો છે અને વાદી તેનો ઉપયોગ કરે છે.

(૯) સમગ્ર રેકર્ડ ધ્યાને લઈએ તો આંક–૧૨ થી વાદગ્રસ્ત જગ્યાનું સ્થળ સ્થિતિનું પંચનામું કરવામાં આવ્યું છે. તે સિવાય પ્રતિવાદીઓ તરફે સરકારે કોઈ પુરાવો રજુ કરવો નથી તેમ જણાવ્યું છે. પ્રતિવાદી નં.–૧ દવારા આંક–૪૮ તથા ૪૯ અને ૨૫ થી મુખ્યત્વે ત્રણ રજુઆત થઈ છે. જેમાં કેન્દ્રીય વિધાલયના સક્ષમ સત્તાધિકારી કે જે કેન્દ્રીય વિધાલયના અધ્યક્ષ અને આચાર્ય તરીકે ફકજ બજાવે છે તેમણે વાદીઓની રજુઆતના આધારે સર્વે નં.–૮૨૨,૮૨૩ અને ૯ ૨૩ ની વચ્ચે થઈ વાદીના ખેતરમાં જતા ગાડા માર્ગના વિકલ્પે બાજુમાથી ૭ મીટર રોડ ફાળવી વાદીના સુવિધાધિકારને માન્ય રાખી ફરીથી નકશો તૈયાર કરાવી રેકર્ડ ઉપર રજુ કરાવ્યો છે. તથા વાદીના સુવિધાધિકારને માન્ય રાખી વૈકલ્પિક કાયમી વ્યવસ્થાના ધોરણે વિરમગામ–અમદાવાદ હાઈવેની આસોપાલવ હોટલથી અમદાવાદ જતા જમણી દિશાએ ૭ મીટર રસ્તો નકશા મુજબ ફાળવેલો છે તે વાદી અને પ્રતિવાદી સંયુકત રીતે ઉપયોગર કરશે તેમ જાહેરાત કરી છે.

(૧૦) સમગ્ર પુરાવો વાદીના માર્ગાધિકારને સબંધીત બાબત છે. અન્યની જમીન ઉપર ડખલ કર્યા વિના આવવા જવાનો હકક એટલે માર્ગાધિકાર. વાદીએ તેના મૌખિક

પુરાવામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેઓ ચિરંતનકાળથી સુવિધાધિકારનો ઉપયોગ કરી રહયા છે. આ ઉપયોગ તેઓ તેમના ખેતરમાં આવવા જવા અને ખેતીવિષયક પ્રવૃતિમાં જરુરી એવા સાધનો અને વસ્તુઓ લઈ જવા માટે કરી રહયા છે. આવો ઉપયોગ સહુની જાણમાં છે. વાદીઓને તેમના આ સુવિધાધિકારનો ઉપયોગ કરવામાં કયારેય કોઈ અડચણ ઉભી થઈ નથી અને તેઓ શાંતિથી આ રસ્તાનો ઉપયોગ અધિકાર તરીકે કરે છે. વાદીઓ બ્લોક સર્વેનંબર–૮૨૨,૮૨૩ અને ૯૨૩ ની વચ્ચે થઈ જતા ગાડામાર્ગનો ઉપયોગ વીસ વર્ષ કરતાં વધુ સમયથી કરતા હોવાથી તેનો ઉપયોગ સુવિધાધિકાર તરીકે થઈ રહયો છે. અને તેમાં કોઈ રુકાવટ ઉભી થતી નથી. સમગ્ર પુરાવો જોતાં વાદીને તથા તેના સુવિધાધિકારને અસર કરતી પરિસ્થિતિ ઉભી થતાં વાદીએ કાયદેસરના ધોરણે સક્ષમ સત્તાધિકારીઓ અને શાળાના જવાબદાર અધિકારીઓને કાયદેસર રીતે લેખીતમાં રજુઆત કરી છે. અને તેના સુવિધાધિકારને રક્ષણ મળે તે માટે પ્રયત્નશીલ થયા છે તે હકીકત રેકર્ડ જોતા સાબીત થાય છે. સરકાર તરફે સુવિધાધિકારની હકીકતને જવાબમાં નકારાઈ છે પરંતુ સરકાર તરફે પુરાવો રજુ કરી વાદીના આ અધિકારને અમાન્ય ઠેરવી શકાય તેવો કોઈ પુરાવો રજુ થયો નથી. પ્રતિવાદી નં.–૧ એ વાદીના સુવિધાધિકારોને માન્ય રાખી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપી પુરસીસથી જાહેરાત કરી વાદીના સુવિધાધિકારને માન્યતા આપી છે. જે રેકર્ડ ઉપર આંક–૪૮ તથા ૪૯ અને આંક–૨૫ થી રજુ દસ્તાવેજ જોતાં જણાય છે. આ તમામ હકીકતોને સમગ્રપણે વિચારણમાં લેતા વાદી તેમના માર્ગાધિકારનો સુવિધાધિકાર સાબીત કરવામાં સફળ રહયા છે. વાદી એ હકીકત સાબીત કરવામાં સફળ રહયા છે કે, સર્વેનં.–૯૨૩ ની પૂર્વ દિશાએ તથા સર્વેનં.–૮૨૩ અને ૮૨૨ ની પશ્ચિમ દિશાની વચ્ચેથી પસાર થતો કરકથલ ગાડામાર્ગનો વાદી અને અન્ય ખેડૂતો ચિરંતનકાળથી ઉપયોગ કરતા આવ્યા છે. વાદીના ગાડા માર્ગના આ સુવિધાધિકારને કેન્દ્રીય વિધાલય દવારા રસ્તો બંધ કરી અવરોધવાનો પ્રયત્ન કરતા વાદીએ તમામ જવાબદાર અધિકારી

ઓને લેખીત રજુઆત કરી તેમના અધિકારના સંરક્ષણ માટે પ્રયત્નશીલ થયા હતા. પરંતુ તેમને કોઈ ફળદાયી પરીણામ મળયું ન હતું. વાદી એ હકીકત સાબીત કરવામાં સફળ રહયા છે કે, પ્રતિવાદી ઓએ વાદી સાથે સંમતી અને સમજુતીથી સર્વેનંબર–૯૨૩ ની દક્ષિણે ૭ મીટરનો રસ્તો વાદીના સુવિધાધિકારને માન્ય રાખી વૈકલ્પિક રસ્તા તરીકે ફાળવ્યો છે. વાદી ઉપરોકત ત્રણેય મુદા સંદર્ભે પુરાવાનો બોજો સફળ રીતે વહન કરી મુદા પુરવાર કરતા હોય મુદા નં.–૧ થી ૩ નો જવાબ હું હકારમાં આપું છું.

(૧૧) વાદી સર્વેનંબર–૯૮૬ માં જવાના તેના સુવિધાધિકારની હકીકત સાબીત કરે છે. વાદીના આ અધિકારનો ભંગ થતો હોવાથી તેમણે પ્રતિવાદી ઓને તેના રક્ષણ માટે સંપર્ક કર્યો હતો છતાં કંઈ પરીણામ મળયું ન હતું. ત્યારબાદ પ્રતિવાદી નં.–૧ એ વાદીને સુવિધાધિકારને માન્ય રાખી વૈકલ્પિક માર્ગ ફાળવી આપવા સંમતી દર્શાવી છે. વાદીના સુવિધાધિકારના અમાન્ય ઠેરવતો એક પણ પુરાવો રેકર્ડ ઉપર પ્રતિવાદીપક્ષે રજુ થયો નથી. જેથી તમામ હકીકત ધ્યાને લેતા વાદી દાવા અન્વયે માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બને છે. જેથી મુદાનં.–૪ નો જવાબ હું હકારમાં આપી મુદા નં.–૫ અન્વયે નીચેમુજબનો હુકમ કરવામાં આવે છે.

## –// આખરી–હુકમ //–

//૧// વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

//૨// વાદીની માલિકીના મોજે હાંસલપુર તા. વિરમગામ જી. અમદાવાદ ગામની સીમનો બ્લોક/સર્વેનંબર–૯૮૬ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હેકટર આરે ચો.મી. ૧–૮૦–૦૯ છે. જે ખેતરમાં આવવા જવા તથા ખેતીવિષયક સાધનો અને વસ્તુઓ લઈ આવવા વિરમગામ–અમદાવાદ હાઈવે તરફની જમણી બાજુએ સર્વેનંબર–૯૨૩ ની દક્ષિણ દિશાએ કેન્દ્રીય

વિધાલયે રજુ કરેલ નકશાનમાં દર્શાવ્યા મુજબ ૭ મીટર રસ્તામાં વાદી કે તે રસ્તાના ઉપભોગ કરતા ખેડૂતોને પ્રતિવાદીનં.–૧ જાતે કે તેમના એજન્ટ,એસાઈન,નોકરો કે મળતીયાઓ મારફતે હરકત, હેલો, અડચણ, અટકાયત કરવી કે કરાવવી નહીં તેમજ ૭ મીટરના રસ્તામાં અવરોધ થાય તે રીતે કોઈ ખોદકામ કે ચણતર કરવું કે કરાવવું નહીં. તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

//૩// પ્રતિવાદીએ વાદીના દાવાનો તથા પોતાના દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

//૪// હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તા.૩૦–૦૩–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

.

**(અદ્વૈત સુરેન્દ્ર વ્યાસ)**
**પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ**
**( GJ 00709 )**

સ્થળ : વિરમગામ

//બી.જી. દવે //પી.એ.//